ગાંધીનગર સમાચાર
તા. ૧૧-૩-૨૦૧૫, બુધવાર

તંત્રી સ્થાનેથી....

વડાપ્રધાનનો વધુ એક વિદેશ પ્રવાસ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવે દેશ કરતાં વિદેશોમાં વધુ લોકપ્રિય બની રહ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ બરાક હુસેન ઓબામાની જેમ દુનિયા આખી એમના વિશે જાણકારી મેળવવા ઘેલી બની ગઈ છે. બહુ જ ટૂંકા ગાળામાં એમણે દુનિયાના ઘણા બધા નેતાઓ સાથે મુલાકાત યોજીને એમને આંજી નાખવાનો પ્રયાસ કર્યો છે. મીડિયાએ એમને પ્રભાવક નેતા તરીકે પ્રસ્થાપિત કરવામાં અપેક્ષાકૃત સહયોગ પણ આપ્યો છે. કદાચ આટલી સભાનતા સાથે ભારતના અન્ય કોઈ વડાપ્રધાન સ્વ-વિકાસના એક મુદ્દાના કાર્યક્રમમાં ઓતપ્રોત નથી રહ્યા. પંડિત જવાહરલાલ નહેરુ જન્મજાત આંતરરાષ્ટ્રીય પ્રતિભા ધરાવતા હતા. દેશમાં એમની લોકપ્રિયતા પાછળ પારિવારિક સંદર્ભ અને મહાત્મા ગાંધીના આશીર્વાદ ઉપરાંત એમની સંવેદનશીલ માનવતા જવાબદાર હતી. મોદી પાસે નહેરુ કરતાં ચડિયાતા રાજકીય કુનેહ છે. એ નહેરુની જેમ ચીની નેતાની ભોળવાઈ જતા નથી. ચીની પ્રમુખને ઝુલે ઝૂલાવી સાબરમતી રિવરફ્રંટ પર ભાવતાં ભોજન જરૂર જમાડી જાણે છે, પરંતુ પાછા અરૂણાચલમાં જઈ પોતાની રાષ્ટ્રભક્તિનો પરચો પણ બતાવી શકે છે. ચીન સામે ઝીંક ઝીલી શકાય એવી લશ્કરી તાકાત ઊભી કરવાની નેમ ધરાવતા નરેન્દ્ર મોદીને એ પણ ખાતરી છે કે પાડોશી દેશ પાકિસ્તાન કયારેય ભારતનું ભલું નથી ઈચ્છવાનું. પાકિસ્તાન દેવાળીયું રાષ્ટ્ર છે, જેના રાજનેતાઓ કાશ્મીરનું અને ઈસ્લામનું ઉંબાડિયું જલતું રાખી હિંન્દુસ્તાનને બારે માસ અધ્ધર જીવે રાખવા ટેવાયેલા છે. આતંકવાદનું પારણું બની રહેલ પાકિસ્તાનને ચીન અને અમેરિકા - બેઉ મહાસત્તાઓ પોતપોતાનાં અંગત કારણોસર ભરપૂર લશ્કરી સહાય અને નાણાંકીય મદદ કરતાં રહે છે. આવા સંજોગોમાં ભારત વિશ્વ નેતા બનવા માંગતુ હોય તો એણે 'લૂક ઈસ્ટ' પોલિસી ઉપરાંત નાના પાડોશી રાષ્ટ્રો સાથે મોટાભા તરીકેનો હૂંફાળો સંબંધ વિકસાવવો પડે. મોદીએ શરૂઆત ભુતાનથી કરી હતી. એ પછી નેપાળ અને મ્યાંમારમાં ભૂરકી છાંટીને એમણે ભારતમાં કોઈ અમારી ચિંતા કરનાર નેતા પેદા થયો છે - એવી પ્રતીતિ કરાવી. જાપાન જેવા ટેકનોલોજી ક્ષેત્રે અતિવિકસિત રાષ્ટ્રમાં જઈ ઢોલ વગાડી આવ્યા. હવે તેઓ શ્રીલંકા, મોરીશિયસ અને સેશલ્સ ટાપુઓની મુલાકાતે જવાના છે. શ્રીલંકા તો ભારતીય ઉપખંડનો જ ભાગ ગણાય. રામાયણ કાળથી એ ભારતવર્ષ સાથે લવ-હેટ રિલેશનશિપ ધરાવે છે. મોદી શ્રીલંકામાં વસતા તમિળોના પ્રદેશની મુલાકાત પણ લેવાના છે. જાફના એ તમિળોની અને એ રીતે ઉગ્રવાદી તમિળ ટાઈગર્સની કર્મભૂમિ છે. રાજીવ ગાંધીએ આ એલટીટીઈના ત્રાસવાદીઓને જેર કરવા શ્રીલંકા સરકારની મદદમાં શાંતિ-સેના મોકલાવી હતી. ત્યારથી આ તમિળ ઉગ્રવાદીઓ ભારતને દુશ્મન ગણતા રહ્યા છે. રાજીવ ગાંધીને એનો જીવ આપીને બદલો ચૂકવવો પડ્યો હતો. મોદીની આ વિદેશયાત્રા સેશલ્સથી શરૂ થઈ વાયા મોરીશિયલ છેલ્લે શ્રીલંકામાં સમાપ્ત થશે. મોરિશિયસમાં એ સ્વાતંત્ર્યપર્વના મુખ્ય અતિથિ તરીકે જઈ રહ્યા છે. 'મોરિશીયસ' શબ્દના મૂળમાં છે 'મોરસ' - જે આપણે ત્યાં પણ ખાંડના પર્યાયવાચી શબ્દ તરીકે જાણીતો છે. શેરડી પકવતા આ દેશમાં આજના શાસકો ભારતીય મૂળના છે. એમણે હિંદી અને હિંદુસ્તાન ઉપરાંત હિંદુ ધર્મને વળગી રહી વતન પરસ્તી અને ધર્મપ્રેમનું અનોખું ઉદાહરણ પેશ કર્યું છે. મોદીને હિંદુસ્તાનના હિંદુ હૃદયસમ્રાટ તરીકે પણ આ હિંદી મહાસાગર વ્યચે વસેલા રમણીય દેશમાં ભવ્ય આવકાર સાંપડશે, એમાં શંકાને સ્થાન નથી. કયારેક કાળી મજૂરી કરવા અંગ્રેજો દ્વારા લઈ જવાયેલા બિહારી અને ઉડિયા મજૂરોનાં વંશજો આજે ત્યાં રાજ કરી રહ્યા છે અને પોતાના વતનને યાદ કરતા રહે છે. શ્રીલંકામાં માછીમારોના પ્રશ્નો વડાપ્રધાન વિક્રમસિંઘેનું નિવેદન ઘણું સ્ફોટક છે. ભારતીય માછીમારો શ્રીલંકાની દરિયાઈ સીમામાં પ્રવેશશે તો એમને ગોળી મારી દેવામાં આવશે - એ મતલબના એમના નિવેદનમાં ભારત તરફનો દ્વેષ સ્પષ્ટ વરતાઈ આવે છે. શ્રીલંકામાં ચીનની દખલ વધી ગઈ હોઈ એ પણ ચિંતાનો વિષય છે. તમિલનાડુના પૂર્વ મુખ્યમંત્રી કરૂણાનિધિએ વિક્રમસિંઘેના નિવેદનને મોદી સામેની લપડાક ગણાવેલ છે. મોદીની મુલાકાત પૂર્વે આ દેશોમાં વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ અને વિદેશ સચિવ જયશંકરે સાનુકૂળ વાતાવરણ ઊભું કર્યું છે અને અનેક મુદ્દે કરારો થવાની સંભાવના પણ છે. રાડાર સહિતની સંરક્ષાત્મક સહાય આપવા તૈયાર થયેલ ભારત સાથે સુમેળભર્યા સંબંધો હિંદી મહાસાગરના આ દ્વીપદેશોમાં હિતમાં જ ગણાશે.

નમ્રતા ત્રિવેદી અને લીના મહેતા 'વન્ડરફુલ વુમન' ઘોષિત

લાયોનેસ ક્લબ ઑફ ગાંધીનગર અને સુરક્ષા સેતુ સોસાયટીના દિવ્ય આયોજનને ભવ્ય પ્રતિસાદ : શગુન તૂટેજા અને ડૉ. લીના સ્વાદીયા રાણા રનર્સ-અપ

ગાંધીનગર, તા. ૧૦

જાગૃત અને જવાબદાર મહિલાની ખોજમાં યોજાયેલી 'વન્ડરફુલ વુમન' સ્પર્ધા સમગ્ર સમાજ માટે પ્રેરણાદાયી બની રહી

સ્વયમ્ અને સમાજ પ્રત્યે જાગૃત અને જવાબદાર મહિલાની ખોજમાં લાયોનેસ ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા સુરક્ષા સેતુ સોસાયટીના સહયોગથી આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પ્રસંગે યોજાયેલી 'વન્ડરફૂલ વુમન' સ્પર્ધામાં ૩૦ થી ૪૫ વર્ષના વયજૂથમાં શ્રીમતી નમ્રતા ત્રિવેદી અને ૪૬ થી ૬૦ વર્ષના વયજૂથમાં શ્રીમતી લીના મહેતા 'વન્ડરફૂલ વુમન' ઘોષિત થયા છે. ગાંધીનગરના મહિલા સંગઠનો અને મહિલા ગૃપો દ્વારા પ્રસ્તુત ભવ્યાતિભવ્ય ગ્રાન્ડ ફિનાલે સાથે યોજાયેલી 'વન્ડરફૂલ વુમન'ની ફાઈનલ સ્પર્ધા માત્ર મહિલાઓ જ નહીં, સમગ્ર સમાજ માટે પ્રેરણાદાયી બની રહી હતી.

મહિલાઓ અને અગ્રણી નાગરિકોથી ખીચોખીચ ભરાયેલા ગાંધીનગર ટાઉનહૉલમાં 'વન્ડરફૂલ વુમન' સ્પર્ધાનો શુભારંભ લાયન્સ ડિસ્ટ્રીક્ટ ૩૨૩-બીના ગવર્નર શ્રી રાકેશભાઈ પટેલે આસી. કમિશનર ઑફ પોલીસ શ્રી કરણરાજસિંહ વાઘેલા, સુરક્ષા સેતુ સોસાયટીના લાયજન ઑફિસર શ્રી પ્રવિણ વાલેરા, લાયોનેસ ચેર પર્સન શ્રીમતી નંદિનીબેન રાવલ, પ્રોજેક્ટ ચેરમેન શ્રીમતી મમતા રાવલ અને લાયોનેસ પ્રમુખ શ્રીમતી ચંદા યાદવની ઉપસ્થિતિમાં મંગલદીપ પ્રગટાવીને કર્યો હતો. તમામ લાયોનેસ બહેનો પણ હાથમાં કોડીયા સાથે દીપ પ્રાગટ્યમાં જોડાઈ હતી.

ડિસ્ટ્રીક્ટ ગવર્નર શ્રી રાકેશભાઈ પટેલે ગાંધીનગર લાયોનેસ ક્લબની પ્રવૃત્તિઓ અને ટીમવર્કની પ્રસંશા કરતા વન્ડરફૂલ વુમન' સ્પર્ધાના આયોજન માટે અભિનંદન પાઠવ્યા હતા. આસી. કમિશનર ઑફ પોલીસ શ્રી કરણરાજસિંહ વાઘેલા અને સુરક્ષા સેતુ સોસાયટીના શ્રી પ્રવિણ વાલેરા એ મહિલા સઃશક્તિકરણના લાયોનેસ ક્લબના તમામ આયોજનોમાં સહયોગ આપવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે ગાંધીનગર પોલીસે મહિલા સુરક્ષા જાગૃતિ અભિયાન કાર્ડ લૉન્ચ કર્યુંહતું. લાયોનેસ પ્રમુખ શ્રીમતી ચંદા યાદવે સ્વાગત ઉદ્બોધન કર્યું હતું.

'વન્ડરફૂલ વુમન'ના પ્રોજેક્ટ ચેરમેન અને સ્વપ્નદ્રષ્ટા શ્રીમતી મમતા રાવલે પરિવાર અને સમાજ વચ્ચે તાલ મિલાવીને પોતાની ફરજો અદા કરતી મહિલાના યોગદાનની કદર કરવા અને એક જાગૃત-જવાબદાર મહિલાને સન્માનવા યોજાયેલી આ સ્પર્ધાના સમગ્ર વિચાર અને તમામ રાઉન્ડમાંથી પસાર થયેલી 'વન્ડરફૂલ વુમન'ની યાત્રાનો વિગતવાર ચિતાર આપીને મેગા ફાઈનલ સ્પર્ધાના ફાઈનલ ત્રણ રાઉન્ડનો શુભારંભ કરાવ્યો હતો.

'વન્ડરફૂલ વુમન' સ્પર્ધાના પ્રિલિમિનરી રાઉન્ડ્સ પછી બે વયજૂથમાં ૭-૭ મહિલાઓને ફાઈનલ રાઉન્ડ્સ માટે પસંદ કરવામાં આવી હતી. અભિવ્યક્તિ રાઉન્ડમાં સ્પર્ધક મહિલાઓએ ચિઠ્ઠી ઉપાડીને પસંદ કરેલા વિષયો પર બે મિનિટનું શિઘ્ર વક્તવ્ય આપ્યું હતું. 'મારો સૌથી સુખત અનુભવ', 'સ્ત્રી અને રસોડું', 'મહિલા અને મેનેજમેન્ટ', 'સ્ત્રી હોવું આશીર્વાદ કે અભિશાપ', 'મારી આશા, મારી અપેક્ષા', 'મારી આદર્શ વ્યક્તિ' જેવા રસપ્રદ વિષયો પર સ્પર્ધક મહિલાઓએ ખૂબજ અસરકારક વક્તવ્યો આપ્યા હતા. ફાઈનલ સ્પર્ધાના 'ફેમિલી રાઉન્ડ'માં સ્પર્ધક મહિલાઓ પોતાના સમગ્ર પરિવાર સાથે મંચ પર ઉપસ્થિત રહી હતી. સંયુક્ત પરિવારોમાં રહેતી સ્પર્ધક મહિલાઓ સાસુ-સસરા, દેરાણી-જેઠાણી અને પતિ તથા બાળકો સાથે ઉપસ્થિત રહી હતી. નિર્ણાયકોએ પરિવારજનોની હાજરીમાં પારિવારિક પ્રશ્નો પૂછ્યા ત્યારે સ્પર્ધક મહિલાઓની અભિવ્યક્તિથી લાગણીસભર દૃશ્યો સર્જાયા હતા. મંચ પરથી ઘણી સાસુઓએ પોતાની પુત્રવધુ માટે તો પુત્રવધુઓએ પોતાની સાસુ માટે એવા ઉદ્ગારો કાઢ્યા હતા કે, સમગ્ર સમાજ માટે ઉદાહરણરૂપ થઈ પડે. સ્પર્ધક મહિલાઓએ પોતાના પતિ માટે તો ઉપસ્થિત પતિઓએ પોતાની સ્પર્ધક પત્ની માટે અનુકરણીય અવલોકનો રજુ કર્યા હતા. આ રાઉન્ડને ઉપસ્થિત જનસમુદાયે રસપૂર્વક માણ્યો હતો.

ગુજરાતી ફિલ્મો અને ટેલીવિઝનના અભિનેત્રી, લેખિકા અને આર. જે. આરતી પટેલ, ગાયનેકૉલૉજિસ્ટ અને ગાયિકા ડૉ. ફાલ્ગુની ડૉક્ટર અને ડિસ્ટ્રીક્ટ લાયોનેસ ચેરપર્સન શ્રીમતી નંદીની રાવલે 'વન્ડરફુલ વુમન' સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેવાઓ આપીને ઉપસ્થિત મહિલાઓને પરિવાર અને પ્રવૃત્તિઓ વચ્ચે સંતુલન જાળવીને પ્રગતિ કેવી રીતે કરી શકાય તેનું જીવંત ઉદાહરણ પુરુ પાડ્યું હતું. ફાઈનલના ત્રીજા રાઉન્ડમાં તેમણે 'નિર્ભયા ડોક્યુમેન્ટરી પરનો પ્રતિબંધ કેટલો યોગ્ય ?' વિશે પ્રતિભાવો મેળવ્યા હતા. સ્પર્ધક મહિલાઓએ સચોટ અને સુયોગ્ય જવાબો આપ્યા હતા.

ફાઈનલ સ્પર્ધામાં ૩૦ થી ૪૫ વર્ષના વયજૂથમાં શ્રીમતી નમ્રતા ત્રિવેદી એ 'વન્ડરફુલ વુમન'નો ખિતાબ જીતી લીધો હતો. રનર્સઅપ તરીકે શ્રીમતી શગુન તૂટેજા વિજેતા થયા હતા. શ્રીમતી મનીષા ત્રિવેદી તૃતીય ક્રમે રહ્યા હતા. ૪૬ થી ૬૦ વર્ષના વયજૂથમાં શ્રીમતી લીના ચંદ્રકાન્ત મહેતાએ 'વન્ડરફુલ વુમન' સ્પર્ધાનો ખિતાબ જીતી લીધો હતો. રનર્સઅપ તરીકે ડૉ. લીના સ્વાદીયા રાણા વિજેતા હતા. શ્રીમતી કિન્નરી જયેશ દવે ત્રીજા ક્રમે રહ્યા હતા.

'વન્ડરફુલ વુમન' સ્પર્ધાની વિજેતા મહિલાઓને સમદર્શન આશ્રમ, ગાંધીનગરના ગુરુમા સમાનંદજી સ્વામીનીના વરદ હસ્તે ટ્રોફી અને પુરસ્કાર એનાયત કરાયા હતા. પરમ પૂજ્ય ગુરુમાએ ઉપસ્થિત મહિલાઓને સંબોધતાં જણાવ્યું હતું કે, મહિલાઓમાં જે આંતરિક ગુણો અને વિશેષતાઓ છે તે પુરુષો પાસે પણ નથી. આથી મહિલાઓએ પુરુષ સમોવડી થવાની મથામણમાંથી બહાર આવી જવાની જરૂર છે. તેમણે મહિલાઓને પોતાના હક અને અધિકારો પ્રત્યે સભાન થવા અનુરોધ કર્યો હતો. શિક્ષણની આવશ્યકતા પર ભાર મુક્યો હતો. મહિલાઓની આંતરિક શક્તિ અને સુંદરતાને ઉજાગર કરતા આવા આયોજન બદલ ગુરુમાએ પ્રોજેક્ટ ચેરમેન શ્રીમતી મમતા રાવલ અને સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

ગ્રાન્ડ ફિનાલે દરમિયાન ગાંધીનગરની મહિલા સંસ્થાઓ અને મહિલા ગ્રુપોએ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. પૂર્વ પ્રમુખ શ્રીમતી આરતી ભટ્ટ અને કુ. અપૂર્વા રાવલે સુંદર પ્રાર્થનાથી કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો. 'કલા ઘાટ' સંસ્થાના શ્રીમતી જયતિ બ્રહ્મભટ્ટ અને તેમના ગ્રુપે કથ્થક નૃત્ય શૈલીમાં ગોવિંદ વંદના રજુ કરી હતી. લાયોનેસ ક્લબ ઑફ ગાંધીનગરની બહેનોએ લાયોનેસ મેમ્બર અને પૂજન ડાન્સ ક્લાસના સંચાલીકા શ્રીમતી પ્રજ્ઞા ગજ્જરના નૃત્ય દિગ્દર્શનમાં 'નારી તુ નારાયણી' થીમ ડાન્સ રજુ કર્યો હતો. 'ડ્રીમ ફિગર' જીમની મહિલાઓએ શારિરીક સ્વાસ્થ્યની મહત્તા સમજાવતુ 'ઝુમ્બા' નૃત્ય અને 'માર્શલ આર્ટ'નું પ્રદર્શન કર્યુંહતું. ગાંધીનગરની સૌથી જૂની અને પ્રભાવક મહિલા સંસ્થા-જ્યોતિ મહિલા મંડળની વરિષ્ઠ મહિલાઓએ બેઠા ગરબાની પ્રસ્તુતિ કરી હતી. તો સામાજિક સ્વાસ્થ્ય સંઘ દ્વારા મહિલાઓને ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રિયા ભગતના ગૃપમાં લાયોનેસ પરિવારની દીકરીઓએ સુંદર નૃત્ય પ્રસ્તુત કર્યું હતું.

'વન્ડરફુલ વુમન' સ્પર્ધાના વિજેતાઓની ઘોષણા નિર્ણાયક શ્રીમતી આરતી પટેલે કરી હતી, તે પૂર્વે નિર્ણાયક ડૉ.ફાલ્ગુની ડૉક્ટરે એક ગીતની પ્રસ્તુતિ સાથે મહિલાઓને અભિનંદન પાઠવ્યા હતા. ડિસ્ટ્રીક્ટ લાયોનેસ ચેરપર્સન શ્રીમતી નંદીની રાવલે પ્રોજેક્ટ ચેરમેન શ્રીમતી મમતા રાવલને 'વન્ડરફુલ વુમન' કહીને આવા સુંદર આયોજનની ભરપૂર પ્રસંશા કરી હતી. લાયોનેસ ક્લબના પૂર્વ પ્રમુખોએ મહાનુભાવો અને મહેમાનોનું અભિવાદન કર્યું હતું. અંતમાં લાયોનેસ ક્લબના સેક્રેટરી શ્રીમતી ડિમ્પલ દેસાઈએ આભાર દર્શન કર્યું હતું.

ઈન્ફોસિટી સ્કૂલમાં પ્રદર્શન યોજાયુ

ગાંધીનગર, તા. ૧૦

સરગાસણ સ્થિત ઈન્ફોસિટી સ્કૂલમાં પ્રદર્શન તથા કાર્નિવલનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. આ પ્રદર્શનમાં ધોરણ-૬ થી ૯ ના ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ અલગ અલગ વિષય પર પ્રોજેક્ટ, ચાર્ટસ, મોર્ડલ, તૈયાર કર્યા હતા. જેમ કે સૂર્યકૂકર, સ્માર્ટ સીટી, પ્રોજેક્ટર, જ્વાળામુખી, એર પ્રેસર પુલ, ગણિત ગમ્મત, કોમ્પ્યૂટર, ઓપરેટિંગ સિસ્ટમ, આ ઉપરાંત સાહિત્યના ચાર્ટસ બનાવ્યા હતા. કાર્નિવલમાં ગુજરાત તથા ભારતના અલગ અલગ રાજ્યોની થીમ તૈયાર કરી હતી. આ ઉપરાંત જંકફૂડના વિષયને આવરી લઈ તેમાં જંકફૂડ અને હેલ્ધી ફૂડ વિશેના પ્રોજેક્ટસ, મોર્ડલ પણ તૈયાર કર્યા હતા. આવા અલગ વિષયો ઉપર વિદ્યાર્થીઓએ પોતાના દિલ રેડી દઈને આ પ્રદર્શન તથા કાર્નિવલની તૈયારી કરી હતી. આવી વિવિધ પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓમાં રહેલી અંતર્ગત શક્તિઓને બહાર નીકાળી શકાય છે. આ સંપૂર્ણ કાર્યક્રમ સુપરવાઈઝર દિમીમેડમ અને પ્રવિણામેડમના નેતૃત્વ હેઠળ સફળ રહ્યું હતું. અમારી શાળાના મેનેજીંગ ટ્રસ્ટી અને પ્રમુખ વૈષ્ણવભાઈએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

બાલવા હાઈસ્કૂલમાં શુભેચ્છા સમારોહ યોજાયો

ગાંધીનગર જિલ્લાના બાલવા શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલમાં બોર્ડના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ રેવાભાઈ ચૌધરીના પ્રમુખ સ્થાને યોજાયો હતો. ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને શાળામાં કુમકુમ તિલક કરી ગળ્યુ મો કરાવી બોર્ડની પરીક્ષામાં જવલંત સફળતા હાંસલ કરવા આશીર્વાદ પાઠવ્યા હતા.

કોરીકટાક હું તો માટી હતી ને, મારી ભીતર એક બીજ એવું ફણગે... અધરાતે મધરાતે ઝબકીને જાગું, કોઇ લીલુંછમ લીલુંછમ ફરકે...

વિચારોના મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

ઘર

તું પૂછતી હતી,
આ માથાના ઢીમચા વિશે,
એ તો સવારે ઠવાની ઉતાવળમાં,
ક્યારેક માથું ભીત સાથે અથડાઈ જાય!
અને આ હાથ પર દાઝયાનું નિશાન?
એ તો રોટલી શેકતાં શેકતાં,
ક્યારેક હાથ પણ શેકાઈ જાય!
હવે, આ છાતી પરનાં લાલ ચકામાં?
એ તો રાતના ગાઢ અંધકારમાં,
ક્યારેક પ્રેમ ભરાય, તો બીજું શું થાય?
લે, હવે તારે,
આ કપાયેલી આંગળીઓ,
છોલાયેલા ઘૂંટણો,
તરડાયેલી ચામડી
અને રેલાયેલી પાંપણોની
કથા સાંભળવી છે?
તો સાંભળ,
આ બધું તો ચાલ્યા કરે!
એનો તો વળી રંજ હોય?
શહાદતની ગણતરી તો યુદ્ધમાં હોય,
આ તો ઘર છે યાર

- નયના રંગવાલા

આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે લતા મંગેશકરે ટ્વિટ કર્યું કે - આ અવસર પર બધાને શુભ કામનાઓ. આપણા દેશમાં સ્ત્રીને દુર્ગાદેવીનું રૂપ માનવામાં આવ્યું છે. તેમાંથી પ્રેરણા લઈ તમે જીવનમાં અને આવનાર સમયનો હિંમતથી સામનો કરો અને આગળ વધો. મારી તમારી પાસે આ અપેક્ષા છે . શાહરુખખાને બંધિયાર માનસિકતા ધરાવતા લોકોને ઉદેશીને વી.વોલ્ફનું વાક્ય ટ્વિટ કર્યું છે. તમે ઈચ્છો તો તમારા (દેશની) લાયબ્રેરીઓને તાળું મારી શકો છો, પણ જેને કોઈ દરવાજો , તાળું નહિ મારી શકો તે એટલે તમારા મન-બુદ્ધિની સ્વતંત્રતા . અમિતાભ બચ્ચનનું ટ્વિટ મહિલાદિન એક દિવસ શા માટે ? કારણ કે તે તો પોતાના બધા દિવસ કુટુંબને માટે સમર્પિત કરે છે.

પહેલો પ્રશ્ન એ છે કે મહિલા નિર્બળ કે અબળા છે? જો નથી તો સશક્તિકરણની શું જરૂર? વાસ્તવમાં થોડા પ્રમાણમાં બાહુબળ વધુ હોવાથી પુરુષો રોફ જમાવે છે ! મહિલા સશક્તિકરણ શું છે? મહિલા સશક્તિકરણ આધ્યાત્મિક, રાજકીય, સામાજિક અને આર્થિક રીતે મહિલાને સશક્ત કરવાના સંદર્ભે છે. આમાં મોટેભાગે તેમની પોતાની ક્ષમતામાં વિશ્વાસ કેળવવા સશક્ત કરવાનો સમાવેશ થાય છે. સશક્તિકરણમાં મહિલાઓએ પોતાના નિર્ણય ક્ષમતા હોવી, યોગ્ય નિર્ણય લેવા માટે માહિતી અને સ્રોતોની પ્રાપ્યતા, વિકલ્પોની શ્રેણીની પ્રાપ્યતા જેમાંથી વ્યક્તિ પસંદગી કરી શકે (માત્ર હા કે ના, અથવા નહી), એકથી વધુ વ્યક્તિઓ જયારે નિર્ણય લેવાની પ્રક્રિયામાં સામેલ હોય ત્યારે તેમની દૃઢતા, વિકાસની પ્રક્રિયા અને બદલાવમાં સામેલ થવુ અને સ્વમાન, ભયમાંથી બહાર આવવું વગેરે છે. શિક્ષણમંત્રીને એક સૂચન પણ કરી શકીએ કે જેટલી પણ મહિલા સંસ્થાઓ, કૉલેજો, ભગીની સમાજ કાર્યરત છે ત્યાં મહિલાઓ અંગેના કાયદાઓ , વિકાસ યોજનાઓ અને અન્ય પૂરક માહિતી પહોંચડવી જોઈએ.

મહિલાઓ હવે દરેક પ્રવૃત્તિ જેવી કે શિક્ષણ, રાજકારણ, મીડિયા, કળા અને સંસ્કૃતિ, સેવાના ક્ષેત્રોમાં, વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રો વગેરેમાં ભાગીદારી લઈ રહી છે. ભારતનું બંધારણ દરેક ભારતીય મહિલાને સમાનતાના હકની (કલમ ૧૪) ખાતરી આપે છે, કોઈ ભેદભાવ નહી (કલમ ૧૫ (૧)), તકની સમાનતા (કલમ ૧૬), સમાન કાર્ય માટે સમાન વળતર (કલમ ૩૯ (ડ)). વધુમાં, તે રાજયને મહિલા અને બાળકો માટે વિશેષ જોગવાઈઓ ઘડવા માટેના હક આપે છે.

૧૯૭૦ના દાયકાના અંતથી ભારતમાં મહિલાવાદી ચળવળે વેગ પકડ્યો. રાષ્ટ્રીય સ્તરે મહિલા જૂથોને એક મંચ પર લાવનાર પહેલી ઘટના હતી મથુરા બળાત્કાર કેસ. મથુરાની એક યુવતી પર પોલિસ દ્વારા પોલિસ સ્ટેશનમાં બળાત્કાર આચરવામાં આવ્યો હતો જેના કારણે, ૧૯૭૯-૧૯૮૦ માં મોટેપાયે વિરોધ ઊભો થયો હતો. આ વિરોધને સંચાર માધ્યમોમાં બહોળી પ્રમાણમાં કવરેજ આપવામાં આવ્યું હતું, જેના કારણે સરકારને એવિડન્સ એક્ટ, ધ ક્રિમિનલ પ્રોસિજર કોડ અને ઈન્ડિયન પિનલ કોડ અમલમાં મૂકયો અને કસ્ટડીયલ બળાત્કારનો પ્રકાર દાખલ કર્યો.

ભારતમાં દારૂને હંમેશા મહિલા પર થતી હિંસા સાથે સાંકળવામાં આવે છે, ઘણાંબધાં મહિલા જૂથોએ દારૂબંધી ચળવળો આંધ્ર પ્રદેશ, હિમાચલ પ્રદેશ, હરિયાણા, ઓરિસ્સા, મધ્ય પ્રદેશ અને અન્ય રાજયોમાં ભી કરી. ઘણી ભારતીય મુસ્લિમ મહિલાઓએ શરિયત કાયદા અનુસાર ધાર્મિક નેતાઓના મહિલા અધિકારની સમજ પર પ્રશ્નો કર્યા અને ત્રણ તલાક વ્યવસ્થાને વખોડી.

ગુજરાતની મહિલાઓ માટે શુભ સમાચાર એ છે કે આંતરરાષ્ટ્રીય મહિલા દિને ગુજરાતની મહિલાઓને રાજયના વિકાસમાં ભાગીદાર બનવા મુખ્યમંત્રીએ આહવાન કર્યું છે. રાજયમાં શિક્ષણ, આરોગ્ય, ઉદ્યોગ, કૃષિ, પશુપાલન સહિતના તમામ ક્ષેત્રમાં નારીશક્તિનું પ્રદાન-યોગદાનને બિરદાવતા તેમણે રાજયમાં મહિલા જીઆઈડીસી બનાવવા માટે સરકાર કાર્યરત હોવાનું જણાવી કહ્યું છે કે, ઉદ્યોગ ક્ષેત્રે મહિલાઓનું પદાર્પણ વર્ષોથી રહ્યું છે. છેલ્લા કેટલાક વરસોમાં મહિલાની ભાગીદારી વધી છે. ગુજરાત સરકારે મુલ્કીસેવા (મહિલાઓ માટે અનામત જગ્યાઓ) નિયમ ૧૯૯૭માં મહત્વનો સુધારો કરીને મહિલા અનામતની આ ટકાવારી ૩૦ ટકાના સ્થાને વધુ ૩ ટકા એટલે કે ૩૩ ટકા કરવાનું મહિલા સશક્તિકરણ ક્ષેત્રે મહત્વનું કદમ ઉઠાવ્યું છે.

રાજયમાં મહિલાઓ સામે થતા અત્યાચારમાં મુખ્યત્વે શારીરીક-માનસીક ત્રાસ, જાતિય સતામણી, દહેજની માંગણી, દહેજના કારણે અપમૃત્યુ, બળાત્કાર, લગ્નજીવનના પ્રૌ, અપહરણ, સર્વિસ પ્રોબ્લેમ સહિત અન્યનો સમાવેશ થાય છે. આ તમામ વર્ગીકૃત સમસ્યાઓમાં સૌથી વધુ પ્રમાણ શારીરીક-માનસીક ત્રાસનુ છે. માર્ચ-૨૦૧૨ સુધીમાં મહિલા આયોગને શારીરીક-માનસીક ત્રાસ અંગે ૧૫૮૮ અરજીઓ મળી હતી. જાતિય સતામણીની ૧૫૮, દહેજની માંગણીની ૧૯૧, બળાત્કારની ૧૬૮, દહેજના કારણે અપમૃત્યુની ૧૮૧ અરજીઓ મળી હતી.

વિદ્વાનો માને છે કે, પ્રાચીન ભારતમાં, મહિલાઓ દરેક ક્ષેત્રમાં પુરૂષો જેટલા સમાન હક્કો ભોગવતી હતી જોકે, અન્ય કેટલાક, આ અંગે વિરોધાભાસી અભિપ્રાયો ધરાવે છે. પ્રાચીન ભારતના વૈયાકરણના નિષ્ણાતો જેમ કે, પતંજલિ અને કાત્યાયન સૂચવે છે કે, વૈદિક કાળની શરૂઆતમાં મહિલાઓ શિક્ષિત હતી. ઋગ્વેદની રૂચાઓ સૂચવે છે કે, સ્ત્રીઓના લગ્ન પુખ્ત વયે થતા હતા અને કદાચ તેણી પતિને પસંદ કરવા માટે મુક્ત હતી. ઋગ્વેદ અને ઉપનિષદના લખાણો સૂચવે છે કે, અનેક મહિલાઓ ઋષિ અને મુની હતી, જેમાં ગાર્ગી અને મૈત્રેય પ્રમુખ છે. પ્રાચીન ભારતના કેટલાક રાજયોમાં નગરવધૂ (શહેરની વધૂ) જેવી પરંપરા હતી. નગરવધૂ નો ખિતાબ જીતવા માટે સ્ત્રીઓ વચ્ચે સ્પર્ધા થતી હતી. નગરવધૂનું વિખ્યાત ઉદાહરણ આમ્રપાલીનું છે.

અભ્યાસ પ્રમાણે, વૈદિક યુગના શરૂઆતના સમયમાં મહિલાઓ સમાન હક્કો અને પ્રતિષ્ઠા ભોગવતી હતી. જોકે, પાછળથી (ઈ.સ. પૂર્વે ૫૦૦માં), સ્મૃતિગ્રંથોના આગમન સમયથી મહિલાઓનું સન્માન ઘટવા લાગ્યું. અને બાબર તથા મુઘલ સામ્રાજયના ઈસ્લામિક આક્રમણથી અને પછી ખ્રિસ્તીઓના આગમનથી મહિલાઓના સ્વાતંત્ર્ય અને હક્કો પર પડદો પડી ગયો., જૈન સંપ્રદાય જેવી સુધારાવાદી ચળવળોએ મહિલાઓને ધાર્મિક વર્ગમાં મહિલાઓને પ્રવેશ આપ્યો, મોટા ભાગે, ભારતમાં મહિલાઓ ઉપર નિયંત્રણો હતા. માનવામાં આવે છે કે, છઠ્ઠી સદીથી બાળલગ્નની શરૂઆત થઈ.

વિપરીત સ્થિતીઓમાં કેટલીક મહિલાઓએ રાજકારણ, સાહિત્ય, શિક્ષણ અને ધર્મના ક્ષેત્રમાં પ્રગતિ સાધી હતી. રઝિયા સુલતાન દિલ્હી ઉપર શાસન કરનારી એકમાત્ર મહિલા બની હતી. ૧૫૬૪માં મોઘલ

● અનુસંધાન પાના - ૭ પર